# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૧ * * * સંવત ૨૦૮૧ ભાદરવો વદ નોમ, સોમવાર ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦


## ભારતીય ટીમે પાકિસ્તાનનો ફ્યુઝ ઉડાવી એશિયા કપની હાઇ વોલ્ટેજ મેચને એકતરફી બનાવી

# ભારતે પાકને ખરાબ રીતે રગદોળ્યું

**ભારતીય** બોલરો અને બેટ્સમેનોએ ઉમદા પ્રદર્શન કરી પાકિસ્તાનને ટી-20 ક્રિકેટ કઇ રીતે રમાય તે શીખવાડ્યું

**પાકિસ્તાની** ટીમમાં બેટિંગ માટે સામેલ સૈમ અયુબે બોલિંગ સારી કરી તો બોલિંગ માટે સામેલ આફ્રિદીએ 33 રન કર્યા

**દુબઈ, તા. 14 :** એશિયા કપની આજે રવિવારે અહીં રમાયેલી હાઇ વોલ્ટેજ મેચમાં ભારતીય ટીમે પાકિસ્તાની ટીમનો ફ્યુઝ ઉડાવી દઈને સાત વિકેટે હરાવી તેના પરના પ્રભુત્વને જાળવી રાખ્યું હતું. પહેલા કુલદીપ યાદવની આગેવાનીમાં ભારતીય બોલરોએ પાકિસ્તાની ટીમને 20 ઓવરમાં નવ વિકેટે 127 રન સુધી સિમિત રાખ્યા પછી કેપ્ટન સુર્યકુમાર યાદવની નોટઆઉટ ઈનિંગની સાથે ઝ અભિષેક શર્માની તોફાની શરૂઆત, તિલક વર્માની સૂઝબૂઝ ભરી ઈનિંગની મદદથી ભારતે 15.5 ઓવરમાં માત્ર ત્રણ વિકેટના ભોગે લક્ષ્યાંક કબજે કરીને મેચ જીતી લીધી હતી. આજની મેચમાં મહત્વની વાત એ રહી હતી કે પાકિસ્તાનીઓએ આક્રમક ક્રિકેટ રમવામાં પોતાની વિકેટ ગુમાવી હતી અને ભારતીય ટીમે આક્રમક ક્રિકેટ રમવાની સાથે જરૂર જણાય ત્યાં સ્કોર બોર્ડ ફરતુ રાખવા સિંગલ્સ અને ડબલ્સ લેવાનું પણ ચાલુ રાખ્યું હતું. પાકિસ્તાની ટીમનો ઓપનર સૈમ અયુબ સતત બીજી મેચમાં શૂન્ય રને આઉટ થઈને ફેલ રહ્યો હતો પણ તેણે પહેલી મેચની જેમ સારી બોલિંગ કરીને ભારતની ત્રણેય વિકેટ લીધી હતી. જ્યારે પાકિસ્તાની ટીમના સ્ટ્રાઇક બોલર તરીકે નામના ધરાવનાર

...અનુ. પાના 2 પર

### ભારત અને પાકિસ્તાનની મેચ પહેલા પાકિસ્તાની રાષ્ટ્રગીતના બદલે ભળતુ ગીત વાગ્યું

રવિવારે દુબઈમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે એશિયા કપ 2025 મેચ પહેલા રાષ્ટ્રગીતને લઈને મોટો વિવાદ થયો હતો. જ્યારે બંને ટીમના ખેલાડીઓ કતારબદ્ધ ઊભા થયા હતા ત્યારે આયોજકોએ ભૂલથી પાકિસ્તાનના રાષ્ટ્રગીતને બદલે અલગ ગીત વગાડ્યું હતું. આ એક એવી ઘટના હતી કે જેનાથી પાકિસ્તાનના ક્રિકેટરો મૂંઝવણમાં મુકાઈ ગયા. જોકે, ભૂલ ઝડપથી સુધારી લેવામાં આવી અને સાચું રાષ્ટ્રગીત વગાડવામાં આવતા વિવાદ ટળ્યો હતો.

## પાકિસ્તાન સામેની મેચમાં કોઇ હસ્તધૂનન નહીં, મેચ પછી ભારતીય ડ્રેસિંગ રૂમનો દરવાજો બંધ થઈ ગયો

**સૂર્યાએ** ટોસ વખતે આગા સાથે તો મેચ પછી ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાનીઓ સાથે હાથ ન મિલાવ્યો

**પાકિસ્તાની** ખેલાડીઓ મેચ પછી લાઇનમાં ઊભા રહ્યા પણ કોઇ ભારતીય ખેલાડી બહાર ન આવ્યો

ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ અંગે ઘણો તણાવ ચાલી રહ્યો હતો ત્યારે ટોસ દરમિયાન પણ એવું જ જોવા મળ્યું

હતું. ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે પાકિસ્તાન ટીમના કેપ્ટન સલમાન અલી આગા સાથે હાથ પણ મિલાવ્યો ન હતો. ઉલ્લેખનીય છે કે ટોસ દરમિયાન બંને ટીમોના કેપ્ટન શીટ્સની આપ-લે કરે છે અને એકબીજા સાથે હાથ મિલાવતા હોય છે. પરંતુ, ભારત-પાકિસ્તાન મેચ શરૂ થાય તે પહેલાં, સૂર્યકુમાર યાદવે ટોસ દરમિયાન સલમાન આગા સાથે હાથ મિલાવ્યો ન હતો. સૂર્યકુમાર યાદવે ટોસના થોડા કલાકો પહેલા ટીમ મેનેજમેન્ટને કહ્યું હતું કે તે ટોસ દરમિયાન પાકિસ્તાનના કેપ્ટન સાથે પરંપરાગત

...અનુસંધાન પાના 2 પર

### અમે પહેલગામ હુમલાના પિડિતોના પરિવારની સાથે ઊભા છીએ : સૂર્યકુમાર યાદવ

સૂર્યકુમાર યાદવે પાકિસાતાન સામેની મેચ જીત્યા પછી પ્રેઝન્ટેશન સમારોહમાં પોતાની વાત પુરી થયા પછી ફરીથી માઇક લઇને કહ્યું હતું કે અમે પહેલગામ આતંકવાદી હુમલાના પીડિતોના પરિવારો સાથે ઉભા છીએ અને અમે અમારી એકતા વ્યક્ત કરીએ છીએ અને અમે આજની જીત સશસ્ત્ર દળોને સમર્પિત કરવા માંગીએ છીએ. આ પહેલા તેણે એવું પણ કહ્યું હતું કે પાકિસ્તાન સામે રમવું એ ફક્ત અન્ય મેચ જેવી જ મેચ છે.

### બુમરાહને T20Iમાં 100 બોલ પછી અને પાકિસ્તાન સામે પહેલો છગ્ગો પડ્યો

ભારતીય ઝડપી બોલર જસપ્રીત બુમરાહને આજે એશિયા કપમાં પાકિસ્તાન સામેની મેચમાં વિકેટકીપર બેટ્સમેન સાહિબઝાદા ફરહાને બે છગ્ગા ફટકાર્યા હતા, જે બુમરાહની પાકિસ્તાન સામેની ટી-20 ઇન્ટરનેશનલમાં અત્યાર સુધીનો આ પહેલો છગ્ગો રહ્યો હતો અને ફરહાન બુમરાહની બોલિંગમાં છગ્ગો ફટકારનારો પ્રથમ પાકિસ્તાની બન્યો હતો. સાથે જ ટી-20 ઇન્ટરનેશનલમાં બુમરાહની બોલિંગમાં 100 બોલ પછી આ પહેલો છગ્ગો પડ્યો હતો.

## ઉત્તર-પૂર્વી ભારત, બંગાળના ભાગોમાં 5.8ની તીવ્રતાનો ભૂકંપ

**ગુવાહાટી, તા. ૧૪ (PTI):** ઉત્તરપૂર્વીય ક્ષેત્ર અને પશ્ચિમ બંગાળના કેટલાક ભાગોમાં ૫.૮ ની તીવ્રતાનો ભૂકંપ આજે આવ્યો હતો એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે કોઈ પણ પ્રકારની જાનહાની કે મિલકતોને નુકસાનના તાત્કાલિક કોઈ અહેવાલ નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે સાંજે ૪.૪૧ વાગ્યે આવેલા ભૂકંપનું કેન્દ્ર ઉદલગુરી જિલ્લામાં હતું. ભૂકંપની ઊંડાઈ ૫ કિમી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિવસની શરૂઆતમાં આસામમાં હતા, જ્યાં તેમણે ૧૮,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું હતું. આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્માએ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, (ભૂકંપનું) કેન્દ્ર ઉદલગુરી નજીક હતું. અત્યાર સુધી, કોઈ મોટા નુકસાન કે જાનહાનિના કોઈ અહેવાલ નથી. અમે પરિસ્થિતિ પર સક્રિયપણે નજર રાખી રહ્યા છીએ. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉદલગુરી, સોનિતપુર, તામુલપુર, નલબારી અને આસામના અન્ય કેટલાક જિલ્લાઓના રહેવાસીઓએ ભૂકંપના આંચકા અનુભવ્યા હતા. ગુવાહાટીમાં ગભરાયેલા લોકો તેમના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા. મણિપુર અને અરુણાચલ પ્રદેશના પશ્ચિમ ભાગોમાં પણ લોકો આ ભૂકંપનો અનુભવ કર્યો હતો. અરુણાચલની રાજધાની ઇટાનગરના રહેવાસીઓ પણ ગભરાટમાં તેમના ઘરો અને દુકાનોમાંથી બહાર નીકળતા જોવા મળ્યા હતા.

## કેનેડાએ 30 ખાલિસ્તાનીની આશ્રય અપીલ ફગાવી

**કેનેડિયન** એજન્સીઓ દ્વારા હકાલપટ્ટી કરાઇ અથવા તો આશ્રય નકારાયો હોય તેવા લોકોએ કોર્ટમાં અપીલ કરી હતી

**કેનેડાની** ફેડરલ કોર્ટ દ્વારા 30 લોકોની અપીલને ફગાવી દીધી જ્યારે માત્ર ચાર અરજદારોની અપીલને માન્ય રખાઇ

**ઓટાવા, તા. 14 :** ભારત વિરોધી ખાલિસ્તાનીઓથી કેનેડાનો મોહભંગ વધી રહ્યો છે. જસ્ટિન ટ્રુડોના રાજીનામા પછી આ એવું શરૂ થયું હતું. કેનેડાની ફેડરલ કોર્ટે આ વર્ષે ખાલિસ્તાનીઓ સાથે સંબંધ ધરાવતા ઓછામાં ઓછા 30 લોકોની અપીલ ફગાવી દીધી છે. આ એવા લોકો હતા, જેમાંથી ઘણાને ખાલિસ્તાનના કથિત સમર્થનના આધારે હાંકી કઢાયા હતા અથવા કેનેડામાં આશ્રય નકારવામાં આવ્યો હતો. આ પછી, આ લોકોએ કેનેડાની ફેડરલ કોર્ટમાં તે સરકારી એજન્સીઓ સામે કેસ દાખલ કર્યો હતો. જો કે, હવે કોર્ટમાં કેસ ફગાવી દેવાથી ખાલિસ્તાન સાથે સંબંધ ધરાવતા આ લોકોને મોટો ફટકો પડ્યો છે. એક અહેવાલ મુજબ, 2025ના ફેડરલ કોર્ટના રેકોર્ડ પુષ્ટિ કરે છે કે આ લોકોએ કેનેડિયન

...અનુસંધાન પાના 2 પર

## ટ્રમ્પની નવી ટેરિફ પોસ્ટમાં ભારત બાકાત, ચીન નવો ખલનાયક

**મહિનાઓ** સુધી ભારતને નિશાન બનાવ્યા પછી અમેરિકી પ્રમુખે હવે તોપનું નાળચું ચીન તરફ ફેરવ્યું

**નાટો** દેશોને ચીન પર ૫૦થી ૧૦૦ ટકા ટેરિફ લાદવા હાકલ કરી, ભારતની ટીકા કરવાનું ટાળ્યું

**વૉશિંગ્ટન, તા. ૧૪:** રશિયન ઓઇલ ખરીદવા બદલ મહિનાઓ સુધી ભારતની પાછળ પડી ગયા પછી અને શિક્ષાત્મક ટેરિફો ભારત પર ઝિંક્યા પછી અમેરિકી પ્રમુખ ટ્રમ્પ હવે તેમની તોપનું નાળચું ચીન તરફ ફેરવી રહ્યા છે. ટ્રુથ સોશ્યલ મીડિયા પર તેમની નવીનતમ પોસ્ટમાં ટ્રમ્પે ગર્જના કરી છે કે નાટો રાષ્ટ્રોએ રશિયા પાસેથી ઓઇલ ખરીદવાનું બંધ કરવું જ જોઇએ અને તેના પર મોટા પ્રતિબંધો લાદવામાં

...અનુસંધાન પાના 2 પર

### પ્રતિબંધો મુદ્દાઓને ગુંચવશે: અમેરિકાની ધમકી સામે ચીને કહ્યું

**બેઇજિંગ :** ચીનના વિદેશ પ્રધાન વાંગ યીએ રશિયા પાસેથી તેલ ખરીદતા દેશો પર ટેરિફ લાદવા માટે G7 દેશોને અમેરિકાના આહ્વાનને નકારી કાઢ્યું છે, અને કહ્યું છે કે યુદ્ધ સમસ્યાઓનું નિરાકરણ લાવી શકતું નથી અને પ્રતિબંધો ફક્ત તેમને જટિલ બનાવે છે. ચીન જે કરે છે તે કામ શાંતિ વાટાઘાટોને પ્રોત્સાહન આપવાનું અને વાતચીત દ્વારા ગરમ મુદ્દાઓના રાજકીય સમાધાનને પ્રોત્સાહન આપવાનું છે એમ વાંગ યીએ

...અનુસંધાન પાના 2 પર

## પાકિસ્તાન સામેની મેચના વિરોધમાં દેશભરમાં દેખાવો

**અનેક** વિરોધપક્ષોના કાર્યકરો રસ્તાઓ પર ઉતરી આવ્યા, સૂત્રોચ્ચારો કર્યા, લોકોને આ મેચનો બહિષ્કાર કરવાની હાકલ કરાઇ

**મુંબઇ, તા. 14:** પહેલગામ હુમલા પછી સર્જાયેલી તીવ્ર શત્રુતા છતાં પાકિસ્તાનની ટીમ સાથે ભારતીય ટીમના ક્રિકેટ રમવાના નિર્ણયના વિરોધમાં આજે દેશના અનેક ભાગોમાં વિરોધ પ્રદર્શનો થયા હતા, સૂત્રોચ્ચારો કરવામાં આવ્યા હતા અને લોકોને આ રમત જોવાનો બહિષ્કાર કરવાની હાકલ કરવામાં આવી હતી.

વિવિધ વિરોધપક્ષોના કાર્યકરો શેરીઓ અને રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા અને દેખાવો કર્યા હતા. મહારાષ્ટ્ર અને જમ્મુમાં વિરોધ પ્રદર્શનોની આગેવાની શિવસેના(ઉદ્ધવ બાલ ઠાકરે જૂથ) દ્વારા લેવામાં આવી હતી. જ્યારે દિલ્હીમાં આમ આદમી પાર્ટીએ વિરોધ પ્રદર્શનો કર્યા હતા. ભારત-

...અનુસંધાન પાના 2 પર

### પહેલગામ હુમલાના મૃતકની પુત્રીએ ભારત-પાકિસ્તાન મેચના બહિષ્કારની હાકલ કરી

**પુણે.** પહેલગામ આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનારા ૨૬ લોકોમાંના એક સંતોષ જગદાલેની પુત્રી આશાવરી જગદાલે રવિવારે દુબઈમાં યોજાનારી ભારત-પાકિસ્તાન એશિયા કપ ક્રિકેટ મેચનો બહિષ્કાર કરવાની હાકલ કરી હતી. પીટીઆઈ સાથે વાત કરતાં આશાવરીએ કહ્યું હતું કે, ''મને લાગે છે કે આજની મેચ ન થવી જોઈએ. પાંચ મહિના પહેલા જ પહેલગામ હુમલામાં 26 લોકોની નિર્મમ હત્યા કરવામાં આવી હતી અને આટલું બધું થવા પછી પણ, જો બીસીસીઆઈને એમ લાગે છે કે

...અનુસંધાન પાના 2 પર

## ભારત ક્રૂડ, ગેસની આયાત ઘટાડવા પગલાં લઈ રહ્યું છે : વડા પ્રધાન નરેન્દ્ર મોદી

**સરકાર** અશ્મિભૂત ઇંધણના ભંડારની શોધ અને ગ્રીન એનર્જીના ઉત્પાદન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે : વડાપ્રધાન

**નુમાલીગઢ (આસામ), તા. 14 (PTI) :** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર ક્રૂડ ઓઇલ અને ગેસની આયાત ઘટાડવા માટે પગલાં લઈ રહી છે અને અશ્મિભૂત ઇંધણના ભંડારની શોધ અને ગ્રીન એનર્જીના ઉત્પાદન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

આસામના નુમાલીગઢમાં રૂ. ૫૦૦૦ કરોડના વાંસ આધારિત

...અનુસંધાન પાના 2 પર

### વડાપ્રધાને આસામમાં રૂ. ૧૮૦૦૦ કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટો લોન્ચ કર્યા

વડાપ્રધાને મંગલદોઇમાં તેમણે રૂ. ૬૩૦૦ કરોડના આરોગ્ય અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોનો શિલાન્યાસ કર્યો હતો. નુમાલીગઢ ખાતે મોદીએ રૂ. ૧૨૨૩૦ કરોડના પ્રોજેક્ટો લોન્ચ કર્યા હતા જેમાં રૂ. ૫૦૦૦ કરોડના વાંસ આધારિત ઇથેનોલ પ્લાન્ટનો પણ સમાવેશ થતો હતો.

## દિલ્હીમાં BMWની ટક્કરથી નાણાં મંત્રાલયના નાયબ સચિવનું મોત

**નવી દિલ્હી, તા. 14 :** દિલ્હી કેન્ટ મેટ્રો સ્ટેશન નજીક રિંગ રોડ પર આજે રવિવારે એક BMW કારે એક મોટરસાઇકલને મારેલી ટક્કરમાં નાણાં મંત્રાલયના એક નાયબ સચિવનું મૃત્યુ થયું હતું અને તેમની પત્ની ગંભીર રીતે ઘાયલ થઈ હોવાનું પોલીસે જણાવ્યું હતું. મૃતકની ઓળખ નવતોજ સિંહ તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું કે, હરિ નગરમાં પોતાના પરિવાર સાથે રહેતો નવતોજ સિંહ બંગલા સાહિબ ગુરુદ્વારાથી બાઇક પર ઘરે પરત ફરી રહ્યો હતો.

### તા. ૧૪-૦૯-૨૦૨૫નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો ૦૧.૦૦ મીમી | મોસમનો ૧૯૨૦ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૪૧.૦૩ ફૂટ | આઉટફ્લો ૨૨,૬૧૨ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૨.૪ સે. | ૨૫.૪ સે. | ૯૮% |

### કોરોના વખતે કેટલાક શહેરોમાં કરાયેલા સર્વેલન્સમાં SARS-CoV-2 વાયરસના પ્રમાણમાં વધઘટ અંગે માહિતી મળી હતી

## ICMR દેશના ૫૦ શહેરોમાં ગટરના પાણીની ચકાસણી શરૂ કરશે

**વિવિધ** રોગો માટે જવાબદાર વિષાણુની હાજરીનું પ્રમાણ જાણીને અર્લી વોર્નિંગ સિસ્ટમ વિકસાવી શકાશે

**નવી દિલ્હી, તા. 14 (PTI):** દેશની સર્વોચ્ચ આરોગ્ય એજન્સી આઇસીએમઆર આગામી એક વર્ષમાં દેશના ૫૦ શહેરોમાં ગટરોમાં નિકાલ કરાતા ગંદા પાણીનું સર્વેલન્સ હાથ ધરશે જેથી જે-તે વિસ્તારમાં રોગના જીવાણુઓની હાજરી અંગે જાણી શકાય અને અર્લી વોર્નિંગ સિસ્ટમ વિકસાવવામાં તેનાથી મદદ મળે.

હાલમાં દેશના પાંચ શહેરોમાં પાયલોટ ધોરણે આ સર્વેલન્સ હાથ ધરવામાં આવી રહ્યું છે એમ ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ(આઇસીએમઆર) ના ડિરેક્ટર જનરલ ડો. રાજીવ બહલે જણાવ્યું હતું. અગાઉ આવી કામગીરી ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ જિનેટિક્સ એન્ડ સોસાયટી, નેશનલ સેન્ટર ફોર બાયોલોજિકલ સાયન્સ, સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલેક્યુલર બાયોલોજી અને નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ દ્વારા ભારતના પાંચ અલગ અલગ શહેરોમાં હાથ ધરવામાં આવી હતી અને તેણે કોવિડના SARS-CoV-2 વાયરસના વધારા અને ઘટાડાના પ્રવાહો અંગે વિશ્વનિય માહિતી પુરી પાડી હતી.